# અરવલ્લીના ગ્રામ્ય વિસ્તારોમાં મીની ચક્રાવતે ભારે તબાહી સર્જી











મોડાસા, તા. ૧૮

અરવલ્લી જીલ્લામાં વાતાવરણમાં પલટા સાથે વાવાઝોડાથી મોડાસા, ભિલોડા, મેઘરજ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં વ્યાપક નુકશાન થવાની સાથે ૬૦થી વધુ મકાનો અને તબેલાના પતરા ઉડી જતા લોકો બે ઘર બન્યા હતા. ૫ પશુઓના મોત નિપજવાની સાથે ૧૦૦થી વધુ વીજપોલ અને વૃક્ષો ધરાશાયી થતા ગ્રામ્ય વિસ્તારોમાં અંધારપટ છવાયો હતો. મોડાસા-રાજેન્દ્રનગર હાઈવે પર ઝાડ આડા પડતા ૧૦ કિમી લાંબો ટ્રાફિક જામ થતા વાહનચાલકો તોબા પોકારી ઉઠ્યા હતા. જવાબદાર તંત્ર દ્વારા રોડ પર પડેલા ઝાડ હટાવવાની તાબડતોડ કામગીરીના અંતે ૩ કલાક પછી વાહન વ્યવહાર પૂર્વરત થયો હતો. મોડાસામાં લઘુમતી વિસ્તારમાં વીજપુરવઠો ખોરવાતા ભારે હાલાકી પડી હતી.

શુક્રવારે રાત્રીના સુમારે અરવલ્લી જીલ્લામાં ૪૫ કિમી ઝડપે પવન ફૂંકાતા શામળાજી, ટીંટોઈ, કુડોલ, ભીલકુવા, સુનોખ, વાવકંપા, જીતપુર, બીટી કંપા, ઉમેદપુર, જાલીયા, બોલુન્દ્રા, ઈસરોલ સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં ભારે તબાહી સર્જતા મકાનો અને તબેલાના શેડ ઉડતા વ્યાપક નુકશાન થતા લોકોની હાલત દયનિય બની છે. પવનની ઝડપના પગલે શેડના ભારેખમ પતરા ઉડી ઝાડ પર અને વીજતાર પર લટકેલા જોવા મળ્યા હતા બે વ્યક્તિઓ વાવાઝોડામાં ઈજાગ્રસ્ત બની હતી. મોડાસા-રાજેન્દ્રનગર અને મોડાસા-શામળાજી રાજ્ય ધોરીમાર્ગ પર મીની ચક્રવાતથી ઝાડ ઉખડી રોડ પર પડતા વાહનવ્યવહાર થંભી ગયો હતો. ૨૦થી વધુ નાના-મોટા વાહનો ઝાડ નીચે દબાતા વાહનોને ભારે નુકશાન થયું હતું. વીજપોલ ધરાશાયી થતા ગ્રામ્ય વિસ્તારોમાં ૧૮ કલાક થવા છતાં વીજપુરવઠો પૂર્વરત ન થતા રાત્રીના સુમારે અંધારપટ છવાયો હતો. શનિવારે સવારે લોકો બફારાથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા.

અચાનક બદલાયેલા વાતાવરણ અને વાવાઝોડા સાથે માવઠું થતા ખેડૂતોમાં પણ ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. અચાનક આવેલા કમોસમી વરસાદે ઉભા પાકને નુકશાન પહોંચાડ્યું છે. મોડાસા પંથકમાં બાજરી અને મકાઈના પાકને મોટુ નુકસાન પહોંચ્યું છે. ઉભા પાકનો સોંથો વળી ગયો છે. અરવલ્લી-સાબરકાંઠામાં ૩૦થી ૪૦ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાવાની શક્યતાના પગલે તેજ પવનની સાથે અનેક વિસ્તારોમાં હળવા વરસાદી ઝાપટાં પણ પડી શકવાની હવામાન ખાતાની સંભાવનાના પગલે ખેડૂતોમાં ચિંતાની લકીરો તણાઈ હતી.

## ખેડબ્રહ્મા નગરપાલિકાના સફાઈ કર્મચારીઓની આંદોલનની ચીમકી

ખેડબ્રહ્મા નગરપાલિકામા સફાઈ કર્મચારીઓએ તેમની માંગણીઓ લઈ ચીફ ઓફિસરને લેખિતમાં જાણ કરી સત્વરે માંગણીઓ સંતોષવા રજુઆત કરી છે. અને માગણીઓ ન સંતોષાય તો ૧ જૂનથી અચોક્કસ મુદત માટે હડતાળ પર જવાની ચીમકી ઉચ્ચારી છે.

ખેડબ્રહ્મા નગરપાલિકામાં સફાઈ કામદારોએ શુક્રવારના રોજ ચીફ ઓફિસર ને લેખિત રજુઆત કરી હતી. અને માગ કરી હતી કે સફાઈ કર્મચારીઓને દર વર્ષે તહેવારમાં તહેવાર પેશગી, ઘઉંની સીઝનમાં અનાજ પેશગી આપવામાં આવે છે . અને તે પેશગી કર્મચારીના પગારમાંથી દર માસે કાપવામાં આવે છે. સફાઈ કર્મચારી વિનોદભાઈ મકવાણા ના જણાવ્યા અનુસાર ઈડર અને હિંમતનગરમાં બે માસ અગાઉ પેશગી આપી દેવામાં આવી છે. અને ખેડબ્રહ્મામાં બે માસ આગાઉ પેશગી માટે અરજી કરી હોવા છતાં આજદિન સુધી પેશગી આપવામાં આવી નથી.

સફાઈ કર્મચારીઓના જણાવ્યા અનુસાર મહેસુલ ક્લાર્ક બિલ તૈયાર કરી દીધું હોવા છતાં ચીફ ઓફિસર અનાજ પેશગી બિલ મા સહી કરતા નથી. સફાઈ કર્મચારીને અનાજની સીઝનમાં પેશગી ન મળવાથી પાછળથી મોંઘભાવે અનાજ ખરીદવું પડે છે.

આ ઉપરાંત સફાઈ કર્મચારીઓનું ઈ.પી.એફ.કાપવામાં આવે છે પરંતુ તેમને રસીદ ન મળતી હોવાથી ખાતમાં જમા થાય છે કે નહીં તેની પણ ખબર નથી.

નગર પાલિકા ધ્વારા દોઢ એક વર્ષ અગાઉ ચાર સફાઈ કર્મચારીઓની જગ્યા માટે ઈન્ટરવ્યૂ લેવામાં આવ્યા હતા. પણ આજદિન સુધી કોઈ ઓર્ડર આપવામાં આવ્યા નથી. આ બાબતે વારંવાર રજુઆત કરવા છતાં સફાઈ કર્મચારીઓના પ્રશ્નોનનો કોઈ નિરાકરણ ન આવતું હોઈ સફાઈ કર્મચારીઓ ૧ જૂનથી તેમના પ્રશ્નોનો નિકાલ ન આવે ત્યાં સુધી હડતાલ પર જવાની ચીમકી ઉચારી છે.

## ડીસાવળ રોહિત સમાજનું ગૌરવ

ડીસા, તા. ૧૮

ડીસા તાલુકાના જૂનાડીસા ગામની વતની અને ડીસાની આદર્શ હાઈસ્કૂલમાં ભણતી કાજલબેન પ્રભુભાઈ પુનડિયાએ ચાલુ વર્ષે માર્ચ ૨૦૧૯માં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા લેવાયેલ ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં ૭૭.૮૪ ટકા (૯૫.૩૭ પી.આર. રેન્ક) મેળવી ગામ, સ્કૂલ અને રોહિત સમાજનું ગૌરવ વધાર્યું છે. તેણીએ કેમેસ્ટ્રીમાં ૧૦૦ માંથી ૬૩, ફિઝીકસમાં ૭૨ અને બાયોલોજીમાં ૮૧ ગુણ મેળવી ઝળહળતી સફળતા મેળવી છે. ગરીબ પરિવારમાંથી આવતી કાજલે અલ્પ સગવડો વચ્ચે અજોડ સિદ્ધિ મેળવી સાચા અર્થમાં રાંકનું રતન પુરવાર થઈ અન્યોને પણ મહેનત કરવાની પ્રેરણા પુરી પાડી છે. રોહિત સમાજ શૈક્ષણિક વિકાસ સમિતિ ડીસા અને ગામલોકોએ તેને બિરદાવી ઉચ્ચ કારકિર્દીની શુભેચ્છાઓ પાઠવી છે.

## વડગામ પંથકમાં ભારે પવન સાથે છુટા છવાયા વરસાદી છાંટા : ધૂળની ડમરીઓ ઉડી

### છનિયાણામાં એક દલિતના રહેણાંક મકાન ઉપર ઝાડ પડતાં મકાનને ભારે નુક્સાન રહીશોનો અદ્ભુત બચાવ : મેમદપુર પેપોળ રોડ ઉપર તોતિંગ બાવળનું ઝાડ પડતાં રસ્તો થયો બ્લોક

બનાસકાંઠા જિલ્લામાં બપોર બાદ અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો અને વડગામ તેમજ પાલનપુરમાં થોડીવાર માટે ભારે પવન ફૂંકાયો હતો થોડીવાર માટે લોકો માં ધમાચકડી મચી ગઈ હતી. વડગામ પંથકમાં અચાનક ભારે પવન ફુંકાતા થોડી વાર માટે લોકો માં પણ અફડાતફડી મચી હતી.

વડગામ તાલુકાના છનિયાણા ગામમાં ડાભી દલાભાઈ હેમાંગભાઈ ના રહેણાંક મકાન ઉપર પેપર નુ તોતિંગ ઝાડ પડતાં નાસભાગ મચી ગઈ હતી ઘરના લોકો દોડીને બહાર નીકળી ગયા હતાં સદનસીબે મોટી જાનહાની ટળી હતી.

વડગામ તાલુકાના મેમદપુર ગામ થી પેપોળ જવા રોડ ઉપર બાવળ નું એક તોતિંગ ઝાડ ધરાશયી થતાં રસ્તો બંધ થઈ ગયો હતો વડગામ તાલુકાના માં વન વિભાગ ની નિષ્ક્રિયતા ના કારણે ચોમાસા ની શરૂઆત થતાં જ તાલુકા ભરના લોકો ને




હાડમારી ઓ વેઠવા ના શ્રી ગણેશ થઈ ચુક્યા છે ચોમાસા પહેલા વન વિભાગ દ્વારા રોડ ઉપર રહેલા તોતિંગ ઝાડ નું કટીંગ કરવાની કામગીરી વન વિભાગ દ્વારા કરવાની હોય છે છતાં પણ વડગામ વિભાગ દ્વારા ઝાડનું કટીંગ કરાયું નથી જેના કારણે લોકોની હાડમારીઓ શરુ થઈ ગઈ છે હવામાન વિભાગ દ્વારા તંત્ર ને એલર્ટ કરવા છતાં સરકારી બાબુઓ ઉંઘ માં હોવાનું લોકો ને હેસાસ થઈ રહ્યો છે.

## મોડાસાની સિમલા હોટલ સામે અગમ્ય કારણોસર આગ લાગતાં અફડાતફડી

મોડાસા, તા. ૧૮

અરવલ્લી જીલ્લાની ગીરીમાળાઓમાં રહસ્યમય આગ



લાગવાની ઘટનાઓ થંભી છે ત્યારે મોડાસા શહેરના શામળાજી રોડ પર આવેલા ગણેશપુરા (હજીરા) વિસ્તારમાં આવેલી સિમલા હોટલ સામે ઝાડી-ઝાંખરામાં આગ લાગતાં ભારે અફડાતફડી મચી હતી. જોતજોતામાં આગના લબકારા અને ધુમાડાના ગોટેગોટા નીકળતા રોડ પરથી પસાર થતા વાહનવ્યવહાર થંભી ગયો હતો. આગની ઘટનાના પગલે ફાયરબ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી આગ પર કાબુ મેળવવા પ્રયત્નો હાથ ધર્યા હતા.

મોડાસાના શામળાજી રોડ પર આવેલા ગણેશપુરા (હજીરા) વિસ્તારમાં મોટા પ્રમાણમાં ટ્રક ગેરેજની દુકાનો અને દ્વિ ચક્રી વાહનોના શો-રૂમ આવેલા છે. સિમલા હોટલ સામેના ઝાડી-ઝાંખરામાં અગમ્ય કારણોસર આગ લાગતાં અને પવનની ગતિએ આગ પ્રસરતા આગનું રૌદ્ર સ્વરૂપ અને ધુમાડામાં ગોટેગોટા નીકળતા સમગ્ર વિસ્તારમાં આગ પ્રસરતી જોઈ ફફડાટ ફેલાયો હતો. રોડની નજીક લાગેલી આગના પગલે થોડો સમય અહીંથી પસાર થતો વાહનવ્યવહાર અટકી પડ્યો હતો. આગની ઘટનાના પગલે મોડાસા નગરપાલિકાની ફાયરબ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી આગ પર પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવવા કવાયત હાથ ધરી હતી.

## ભિલોડા ભારત વિકાસ પરીષદ શાખાના નવનિયુક્ત હોદ્દેદારોનો શપથવિધિ સમારોહ

ભિલોડા ભારત વિકાસ પરીષદ શાખાના નવનિયુક્ત પ્રમુખ, હોદ્દેદારોનો શપથવિધિ સમારોહ શ્રી રામકુમાર છાત્રાલયમાં આનંદ ઉત્સાહભેર યોજાયો હતો. ભારત વિકાસ પરીષદ,ભિલોડા શાખાની સામાન્ય સભા અને શપથવિધિ સમારોહમાં સાબરકાંઠા જીલ્લાના ઈડર તાલુકાના વસાઈ ગામના પરમ પુજ્ય સંત શિરોમાણી શ્યામ સુંદરદાસજી મહારાજ ઉપસ્થિત રહી આશીર્વચન પાઠવ્યા હતા. મુખ્ય મહેમાન અતિથી વિશેષ ભારત વિકાસ પરીષદ મધ્યપ્રાંત નેશનલ પ્રોજેક્ટ મેમ્બર અશોકભાઈ કુલકર્ણી, પ્રમુખ ગુણવંતભાઈ સોની, ઉપપ્રમુખ ફાગુનભાઈ વોરા, મહામંત્રી પ્રકાશભાઈ કસવાલા, સાબરકાંઠા-અરવલ્લી જીલ્લા વિભાગીય મંત્રી નિકેશભાઈ સંખેશરા, અરવલ્લી જીલ્લા ભાજપ સંગઠન ઉપપ્રમુખ નીલાબેન હસમુખભાઈ મડીયા, ભારત વિકાસ પરીષદ, ભિલોડા શાખાના સેવાભાવી પુર્વ પ્રમુખ જગદીશભાઈ પટેલ, કનકસિંહ રાઠોડ, શંકરભાઈ ગુર્જર, મુકેશભાઈ મહેતા સહિત રાજકીય,સામાજીક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## પાલનપુરમાં પાણી મુદ્દે પાલિકાની લાલ આંખ ગેરકાયદેસર પાઈપ લાઈન દૂર કરવા મૌખિક સૂચના

બનાસકાંઠામાં એક તરફ દુષ્કાળની દારુણ સ્થિતિ સર્જાવા પામી છે. બીજી તરફ શહેરોમાં પાણી નો બેફામ ફેડફાટ થતો હોય છે. જ્યાં બનાસકાંઠા જિલ્લા મથક પાલનપુરમાં પાણીનો ફેડફાટ કરતાં તેમજ ગેરકાયદેસર કનેકશન ધરાવતાં લોકોને પાઈપલાઈનો દૂર કરવા મૌખિક સૂચનાઓ આપવામાં આવી છે. જ્યાં પાલિકા દ્વારા સોસાયટીઓમાં રૂબરૂ ચેકીંગ હાથ ધરવામાં આવતાં રહીશોમાં ફફડાટ પ્રસરી જવા પામ્યો છે.

બનાસકાંઠામાં દુષ્કાળની દારુણ સ્થિતિ વચ્ચે શહેરોમાં પાણી નો બેફામ ફેડફાટ થતો હોય છે. જ્યાં બનાસકાંઠા જિલ્લા મથક પાલનપુરમાં પાણીનો ફેડફાટ કરતાં તેમજ ગેરકાયદેસર કનેકશન ધરાવતાં લોકોને પાઈપલાઈનો દૂર કરવા મૌખિક સૂચનાઓ આપવામાં આવી છે. નગરપાલિકાના સૂત્રોએ જણાવ્યું હતું કે, પાલનપુર નગરપાલિકાએ ગેરકાયદેસર પાણીના કનેક્શન ધરાવતા અને પાણીનો વેડફાટ કરતા રહીશો સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જે અંતર્ગત કર્મચારીઓએ હાઈવે વિસ્તારની સોસાયટીયોમાં ચેકીંગ કરી ગેરકાયદેસર પાણીની પાઈપ ધરાવનારા ૨૦ રહીશોને પાઈપ દૂર કરવા મૌખિક સૂચના આપી છે. જો આઠ દિવસમાં ગેરકાયદેસર પાઈપો નહિ હટાવે તો પાલિકા પાણીના કનેકશન કાપી કડક કાર્યવાહી કરશે. પાલિકા દ્વારા સઘન ચેકીંગ હાથ ધરતા ગેરકાયદેસર પાણીના કનેકશન ધરાવનારા રહીશોમાં ફફડાટ પ્રસરી ગયો છે.

## શામળાજી મંદિરમાં કાળીયા ઠાકોરના દર્શને મોરારીબાપુ પહોંચ્યા





શામળાજી, તા. ૧૮

અરવલ્લી જીલ્લાની ગિરિમાળાઓથી આચ્છાદિત સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી મંદિરે દર પૂનમે ભક્તોનું ઘોડાપુર ઉમટી મંદિરમાં બિરાજમાન કાળીયા ઠાકોરના દર્શન કરી ધન્યતા અનુભવે છે. વૈશાખી પૂનમે કથાકાર મોરારીબાપુ શામળાજી મંદિરમાં ભગવાન શામળિયાના ચરણોમાં શીશ ઝુકાવી દર્શન કરી ધન્યતા અનુભવી હતી. મોરારીબાપુને શામળાજી મંદિર પરિસરમાં નિહાળતા ભક્તોએ મોરારીબાપુના આશીર્વાદ લીધા હતા.

કથાકાર મોરારીબાપુ રાજસ્થાનમાં કથા કરવા જતા પહેલા શામળાજી મંદિરમાં ભગવાન શામળિયાના દર્શન કરવા પહોંચતા શામળાજી મંદિરના ટ્રસ્ટીઓ ઉપસ્થિત રહી સ્વાગત કરી આવકાર્યા હતા. મોરારીબાપુ દર્શન કરી થોડો સમય પરિસરમાં રોકાણ કરી રાજસ્થાન જવા રવાના થયા હતા. સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી મંદિરમાં વૈશાખી પૂનમે ભગવાન શામળિયાના દર્શન કરવા જીલ્લા સહીત આજુબાજુના જીલ્લાના અને રાજસ્થાન, મધ્યપ્રદેશ સહીત મોટી સંખ્યામાં ભક્તો વહેલી સવારથી ઉમટ્યા હતા અને ભગવાન કાળીયા ઠાકોરના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. વૈશાખી પૂનમે ભક્તોનું ઘોડાપુર ઉમટ્યું હતું.